
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



પુસ્તક ૭૯ મું
અંક ૫
તા. ૨૫ ફેબ્રુઆરી

ફાગણ

વીર સં. ૨૪૮૯
વિ. સં. ૨૦૧૯
ઇ. સ. ૧૯૬૩

卐

जहा दुमस्स पुप्फेसु भमरो आवियइ रसं ।
न य पुप्फं किलामेइ सो य पीणेइ अप्पयं ॥ ८ ॥

જેમ ભમરો વૃક્ષનાં વિવિધ ફૂલોમાંથી રસ ચૂસે છે અને પોતાની જાતને નભાવે છે છતાં ફૂલોનો વિનાશ કરતો નથી અર્થાત્ ફૂલોને ઓછામાં ઓછી પીડા થાય તેમ વર્તે છે તેમ શ્રેયાર્થી મનુષ્યે પણ પોતાની વ્યાવહારિક તમામ પ્રવૃત્તિઓ કરતાં પોતાનાં સહાયકોમાંથી-પોતાનાં ગ્રાહકો રૂપ વિવિધ આલંબનોમાંથી એવી રીતે લાભ ઉઠાવવો ઘટે અને પોતાની જાતને એવી રીતે નભાવવી ઘટે જેથી એ પોતાનાં સહાયક રૂપ આલંબનોનો વિનાશ ન થઇ જાય-તેમની આજીવિકા જ ન છિનવાઇ જાય-તેઓ સમૂળગા ચૂસાઇ જઇ વિનાશ ન પામે; એ રીતે ધ્યાન રાખીને તેમને ઓછામાં ઓછી પીડા ક્લેશ વા તકલીફ થાય એમ વર્તવું ઘટે.

—મહાવીર વાણી

卐

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | અંધ કોણ | (બાલચંદ હિરાચંદ-માલેગામ) | ૪૧ |
| ૨ | શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ બાવીસમું અધિવેશન .... | (અહેવાલ) | ૪૨ |
| ૩ | શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક-૪૭ .... | (સ્વ. મૌક્તિક) | ૪૭ |
| ૪ | માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો સંબંધી સાહિત્ય | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા) | ૪૯ |
| ૫ | નમ્ર માર્ગદર્શન .... | (બટુક જ. શાહ) | ૫૧ |
| ૬ | ભ્રાતૃભાવ .... .... | (ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ) | ટા. પે. ૩ જું |


अत्थंगयंमि आइच्चे, पुरत्था य अणुग्गए ।
आहारमाइयं सव्वं, मणसा वि न पत्थए ॥ १ ॥

સૂર્ય આથમી ગયા પછી અને સૂર્ય ઉગ્યો ન હોય તે પહેલાં આહાર પાણી વગેરેને લગતી બધી પ્રવૃત્તિને એટલે ખાવા-પીવાની તમામ પ્રવૃત્તિને મનથી પણ ન ઈચ્છવી જોઈએ.

सन्तिमे सुहुमा पाणा, तसा अदुव थावरा ।
जाइं राओ अपासंतो, कहमेसणियं चरे ? ॥ २ ॥

આ ત્રસ પ્રાણો અથવા આ સ્થાવર પ્રાણો એવાં સૂક્ષ્મ છે કે જેમને રાત્રીએ જોઈ શકાતાં નથી. આવી સ્થિતિમાં રાત્રીએ નિર્દોષ ભિક્ષા માટે કેમ કરીને ફરી શકાય ? તો પછી રાત્રે ભોજન પણ કેમ કરીને લઈ શકાય ?

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો:— શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



| પુસ્તક ૭૯ મું<br>અંક ૫ | ફાગણ | વીર સં. ૨૪૮૯<br>વિક્રમ સં. ૨૦૧૯ |
|---|---|---|



## અંધ કોણ ?

( ઉપજાતિ વૃત્ત )

જે કોઈ જોઈ ન શકે ધરામાં, ઉદ્યોત અંધાર વિલોકવામાં;
આંખે પરોથી થઈ બદ્ધ એમાં, તે જાણવો અંધ ખરો ધરામાં. ૧

જે સત્ય વા છેક અસત્ય શું છે, વિવેક આંખે નહીં પારખે છે;
છે જન્મ એનો તનુ ધારવામાં, તે જાણવો અંધ ખરો ધરામાં. ૨

વિવેક નાઠો વિમનસ્ક જેનો, ન પારખે ભેદ અમૂલ્ય તેનો;
અપૂર્ણ જે છે સહુ જાણવામાં, તે જાણવો અંધ ખરો ધરામાં. ૩

શું શુદ્ધ કે પૂર્ણ અશુદ્ધ શું છે, એ ભેદ વા છેદ ન જાણતો છે;
તેનો થયો છે ભવ વ્યર્થ ભૂમાં, તે જાણવો અંધ ખરો ધરામાં. ૪

સુજ્ઞાન હીણો તિમિરાંધ જે છે, અજ્ઞાન ગર્તા મહી આથડે છે;
સમર્થ જે હોય ન જ્ઞાન જેમાં, તે જાણવો અંધ ખરો ધરામાં. ૫

શું પુણ્યનું કાર્ય અપુણ્ય શું છે, એ ભેદ જાણે નહીં પાપ શું છે;
શક્તિ ન એની શુભ ભાવવામાં, તે જાણવો અંધ ખરો ધરામાં. ૬

જે દેશ ને કાળ ન પારખે છે, જે દ્રવ્ય ને ભાવ ન જાણતો છે;
અંધાનુ વૃત્તિ રહી જેહનામાં, તે જાણવો અંધ ખરો ધરામાં. ૭

અર્થાર્જને ધર્મ ન ઓળખે જે, પાપૌઘમાં તે રમતા ન લાજે;
આચાર છે સર્વ અશુદ્ધ જેના, તે જાણવો અંધ ખરો ધરામાં. ૮

જે દેવ વા ઈશ્વરને ન માને, ગુરૂતણા ભાવ ન જેહ જાણે;
અશુદ્ધ છે આચરણોજ તેના, તે જાણવો અંધ ખરો ધરામાં. ૯

ઉઘાડતા જ્ઞાન-વિવેક નેત્રો, જાણ શકો શુદ્ધ-અશુદ્ધ સૂત્રો;
ઢાંકી રહે નેત્ર પટાંબરોમાં, તે જાણવો અંધ ખરો ધરામાં. ૧૦

દુર્બુદ્ધિ સંસાર વધારનારી, સ્વચ્છંદ વૃત્તિ ધરતો અનેરી,
લાજે ન પાપો કરતો જનોમાં, તે જાણવો અંધ ખરો ધરામાં. ૧૧

અઢાર પાપો સહુ આચરે જે, ભીતિ ન એને પરલોકની છે;
બાલેન્દુ વાંછે તજવો ત્વરાથી, એ અંધને દૂર થકી જ ગોતી. ૧૨

કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ : બાવીસમું અધિવેશન

વિ. સં. ૨૦૧૯ ના માહ સુદિ એકમ તથા બીજ તા. ૨૬-૨૭ જાન્યુઆરી ૧૯૬૩ શનિ-રવિવારના દિવસોમાં પાલીતાણા શહેરમાં કોન્ફરન્સનું બાવીશમું અધિવેશન મળી ગયું. એ અધિવેશનના સુકાની જાણીતા ઉદ્યોગપતિ શ્રી અભયરાજજી બલદોટા હતા. સ્વાગત સમિતિના સુકાની શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી હતા અને અધિવેશનનો ઉદ્‌ઘાટન વિધિ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો વહીવટ કરનાર પ્રતિનિધિ શેઠ કેશવલાલ લલ્લુભાઇ ઝવેરીના શુભ હસ્તે થયો હતો. તેમના પ્રવચનોનો અમુક ભાગ અહીં રજુ કરવામાં આવેલ છે.

### સ્વાગત-પ્રમુખ
## શેઠશ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીનું પ્રવચન

**વીર પ્રભુના વારસદાર સ્વધર્મી બંધુઓ અને બહેનો !**

સંવત ૧૯૫૮ માં ફલોધિ (મારવાડ) ખાતે કોન્ફરન્સની સ્થાપના થયા પછી તેનું છઠ્ઠું અધિવેશન સં. ૧૯૬૪ માં ભાવનગર ખાતે અમદાવાદના સુપ્રસિદ્ધ દાનવીર શેઠશ્રી મનસુખભાઇ ભગુભાઇના પ્રમુખપદે મળ્યું હતું, જે સૌરાષ્ટ્ર ખાતે કોન્ફરન્સનું પહેલું અધિવેશન હતું. ત્યારપછી પંદરમું અધિવેશન સં. ૧૯૯૭ માં નીંગાળા ખાતે વ્યવહારવિચક્ષણ શેઠશ્રી છોટાલાલ ત્રિકમલાલ પારેખના પ્રમુખપદે ભરાયું હતું. ત્યારબાદ બરાબર એક દશકો વીત્યે કોન્ફરન્સનું અઢારમું અધિવેશન શ્રી ગિરનાર પર્વતની પવિત્ર છાયામાં સુપ્રસિદ્ધ શિક્ષણપ્રેમી શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલના પ્રમુખપદે ભરાયું હતું. એટલે સૌરાષ્ટ્ર ખાતે કોન્ફરન્સનું આ ચોથું અધિવેશન છે અને તે ભરવાની તક પ્રાપ્ત થવા બદલ અમો અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

આપણા સમાજની સામે આજે અનેકવિધ પ્રશ્નો પડેલા છે. આપણી પૂજ્ય શ્રમણસંસ્થા વધારે ઉજ્જવળ બને તે માટે તેનું બંધારણ વ્યવસ્થિત થવાની જરૂર છે. સાધ્વીઓના શિક્ષણ માટે પણ ખાસ પ્રબંધ કરવાની આવશ્યકતા છે. અને તિથિ-ચર્ચાનો પ્રશ્ન કે જે આપણા શ્રમણસમુદાયની એકતામાં મોટો અંતરાય ઊભો કરી રહ્યો છે, તેનો ઉકેલ આણવાની પણ જરૂર છે. હું માનું છું કે મધ્યસ્થ દૃષ્ટિવાળા જૈન સમાજના થોડા આગેવાનો કમર કસે તો તેનો ઉકેલ આણવો અસંભવિત નથી. આપણી શ્રમણસંસ્થા ઉજ્જવળ હશે, તો જ આપણો ધર્મ વિશેષ પ્રચાર પામશે અને માનવજાતિની સેવા વધારે સારી રીતે કરી શકશે.

શ્રમણસંસ્થામાં સારા વિદ્વાનો, સારા વક્તાઓ તથા સારા લેખકોની પણ એટલી જ આવશ્યકતા છે કે જે દેશકાલને લક્ષમાં રાખી સમાજને સાચું માર્ગદર્શન આપી શકે. અલબત્ત, આજે આપણી શ્રમણસંસ્થામાં આવા કેટલાક સાધુઓ છે, પણ તેમની સંખ્યા અલ્પ હોઇ વધારવાની ખાસ જરૂર છે.

શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર અંગે સહુથી મોટો પ્રશ્ન મધ્યમવર્ગના ભાઇઓને ઊભા રાખવાનો છે. તે અંગે સ્વર્ગસ્થ યુગવીર આ. શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે આપણને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું અને આજે પ. પૂ. વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ પણ એ માટે યથાશક્તિ પ્રયાસ કરી રહેલ છે. તે માટે હું તેઓશ્રીને વારંવાર ધન્યવાદ આપું છું, પરંતુ આ પ્રયત્નો તો પારોમાં પહેલી પુણી જેવા છે. તેને વધારે વેગવાન અને વધારે સક્રિય બનાવવાની જરૂર છે. ખાસ કરીને મધ્યમવર્ગના ભાઈઓને નાના નાના હુન્નર-ઉદ્યોગોમાં સહાયભૂત થઈ શકે તે માટે કો-ઓપરેટીવ બેન્કની ઘણી અગત્યતા છે.

શિક્ષણની પ્રવૃત્તિને કોન્ફરન્સે વર્ષોથી વેગ આપ્યો છે અને તેનાં ઘણાં સુંદર પરિણામો આવેલાં છે. આ પ્રવૃત્તિ હજી યે વધારે વેગવાન બને અને જૈન સમાજનો એક પણ બાળક અભણ કે અશિક્ષિત ન રહે તથા ઉચ્ચ કેળવણી લેવા માગતો હોય તો અટકી ન પડે એવી વ્યવસ્થા થવાની જરૂર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહિત્યનું નવનિર્માણ, ધાર્મિક શિક્ષણ માટે એક સરખો અભ્યાસક્રમ અને તે માટેની ખાસ વાંચનમાળાઓ, બાળકોને સંસ્કારી અને ધર્મપ્રિય બનાવવા માટેની વિવિધ પ્રવૃત્તિઓ આદિ અંગે પણ આપણે ખાસ પગલાં ભરવાની જરૂર છે તે અંગે આપ બધા ગંભીર વિચાર કરશો, એવી આશા રાખું છું.

## પ્રમુખશ્રી
## અભયરાજજી બલદોટાનું પ્રવચન

ભારત ઉપર વિશ્વાસઘાતી ચીને આક્રમણ કરી આપણા શાંત અને સુખી માનવજીવનમાં અશાંતિ પેદા કરી દીધી છે. ચીનનું આ ક્રૂર આક્રમણ કેટલોક પ્રદેશ હાથ કરવાનું જ નહીં પરંતુ ભારતની સ્વતંત્રતા પર કરવામાં આવેલો મોટામાં મોટો પ્રહાર છે બીજા શબ્દોમાં ચીની સામ્રાજ્યવાદનો ભારતની લોકશાહી પર કરવામાં આવેલ હુમલો છે. અણુયુદ્ધની ભયંકરતાથી ત્રાસેલી માનવજાતીને અહિંસા અને શાંતિનો સંદેશો આપનાર ભારત આક્રમણકારોની નીચ વૃત્તિનો શિકાર થઇ રહ્યું છે. 'સુડી વચ્ચે સોપારી' જેવા પરિસ્થિતિમાં મૂકાયેલ વિશ્વને ભારતે વિશ્વયુદ્ધમાંથી બચાવવા પ્રયત્ન કર્યો પરંતુ આજે ઇચ્છા વિરૂદ્ધ પણ તેને યુદ્ધ તરફ ધસડવામાં આવી રહ્યું છે.

જૈનોનું કલ્યાણકારી તત્વજ્ઞાન, ત્યાગી સાધુ સમાજ, સમૃદ્ધ સાહિત્ય, ઉત્કૃષ્ટ કળા અને સાધનોની વિપુલતા એ તેની વિશિષ્ટતા છે, જો તે ઇચ્છે તો તેના વડે બહુ જ મોટું કાર્ય કરી શકે તેમ છે. આપણા પૂજ્ય મુનિવરો તથા સાધ્વીઓમાં જેવા પ્રકારનો ત્યાગ અને સહનશીલતા જોવા મળે છે તે અન્ય સમાજ કરતા વિશેષ ઉચ્ચ પ્રકારના છે. પરંતુ તેમના ત્યાગ અને તપશ્ચર્યાનો પ્રભાવ નથી તો અન્ય સમાજ પર પડતો તેમજ સમાજના યુવકો પણ તેમનાથી પ્રભાવિત થતા નથી. મારી તેમના પ્રત્યે આદર ભાવના છે તો પણ હું તેઓને પ્રાર્થના કરીશ કે તેઓ અત્યારના સમયને અનુસરીને સમાજને એવું માર્ગદર્શન કરાવે કે જેનાથી, જૈન તત્વોનો પ્રચાર દુનિયામાં થાય. આ સમય ઘણો જ અનુકૂળ છે. અણુઓમને લઇને આખી દુનિયા જાણે સંગ્રામના કિનારે હોય એવી સ્થિતિ છે. આખોએ સંસાર ભયથી ઘેરાયેલો છે. આવા સમયે કદાચ શાંતિ મળી શકે તેમ હોય તો તે કેવળ જૈનોનું મહાન તત્વ અહિંસા અને અનેકાન્તથી જ. અત્યારે તેની અશાંત સંસારને અસર થઈ છે. કારણ કે, જો અહિંસા અને પ્રેમભાવના વધશે નહીં તો સંસારનો નાશ થઇ જાય એવી પરિસ્થિતિ ઉભી થઈ ગઈ છે. એટલા માટે આપણી દુનિયાના શુભ હેતુ માટે આ કાર્ય આપણા સંત પુરૂષો ઉપાડી લે તો, તેઓની સાધના સફળ થશે. અને ભગવાન મહાવીરના તેઓ સાચા વારસદાર સાબિત થશે. અને મહાન કાર્ય કરવા માટે તેઓ પોતાના મતભેદોને છોડીને એકત્ર થાય, અને એવો કાર્યક્રમ હાથ ધરે કે જેનાથી ભગવાન મહાવીરના તત્વોનો પ્રચાર થાય; અને જૈન સમાજનું પણ કલ્યાણ સધાય.

છેલ્લા કેટલાય વર્ષોથી કોન્ફરન્સના કાર્યમાં થોડી શિથિલતા આવી છે જેને દૂર કરવા માટે આપણા ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી નરેન્દ્રસિંહજીએ ઘણો પ્રયત્ન કર્યો હતો. મને પણ સભાપતિ થતા સમયે એ સંકોચ હતો, પણ જ્યારે મને વડીલો તથા સાથીઓએ આશ્વાસન આપ્યું કે અમે અંદર અંદરના મતભેદોને ભૂલીને કોન્ફરન્સને કાર્યક્ષમ બનાવવામાં પૂર્ણ સહકાર આપીશું; ત્યારે જ મેં આ સાહસ કર્યું છે. હવે આપણે કરવા યોગ્ય કાર્યોને પોતાની સામે રાખીએ.

૧. મધ્યમ વર્ગના લોકોને સહાયતા.
૨. કેળવણીનો પ્રચાર.
૩. સાહિત્યનું નિર્માણ અને સંસ્કૃતિનો પ્રચાર.
૪. એકતા અને સંગઠન.

મધ્યમ વર્ગના લોકોની સ્થિતિ દિન પ્રતિદિન કફરી થઇ રહી છે. તેમના માટે કરી છૂટવા, કાર્યક્ષેત્ર વિશાળ અને મોટું છે. પણ આપણે ઉદ્યોગ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદિરો દ્વારા તેઓને આજીવિકા ચલાવવા શિક્ષણ અને કાર્ય આપીએ-જેવી રીતે તેવા કાર્યો ઉદ્યોગગૃહ દ્વારા થઇ રહ્યા છે. ત્યાંના કાર્યક્ષેત્રને વધારીએ અને જ્યાં બની શકે ત્યાં આવા ઉદ્યોગગૃહોનું નિર્માણ કરીએ.

શૈક્ષણિક પ્રચારમાં, ધાર્મિક અને વ્યવહારિક બન્ને પ્રકારનું શિક્ષણ સમાજમાં વધે એટલા માટે આવી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું જરૂરી છે. ધાર્મિક શિક્ષણ તરફ અભિરૂચિ વધે એટલા માટે બુદ્ધિગમ્ય અને આકર્ષક સાહિત્યનું નિર્માણ કરીએ. જૈન તત્વોનો પ્રચાર કરી શકે-એવા વિદ્વાન મિશનરીની જેમ કાર્ય કરી શકે-તેવાઓની નીમણુંક તથા તેમના પ્રત્યે આદરભાવનાની વ્યવસ્થા કરીએ અને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપીએ.

સાહિત્યના નિર્માણ માટે આપણે કરવાનું તો ઘણું જ છે, પરંતુ તેના માટે યોગ્ય વિદ્વાનોનો સહકાર તથા ધનની વ્યવસ્થા કરવી પડશે ત્યારે જ આ કાર્ય થઇ શકે. પરંતુ સાંસ્કૃતિક પ્રચારમાં એક બીના તો સરળતાથી થઇ શકે છે; હાલના સમયમાં ઘણા જ વિદેશીઓ, દેશમાં યાત્રા માટે આવે છે, તેઓ જોવાલાયક સ્થળો જોવા જાય ત્યારે આપણી વિશિષ્ટ કલાકૃતિઓ જોવા માટે તેઓને માર્ગદર્શન આપીએ. તેઓને સ્થળોની સમજુતી અને કલાની વિશેષતા બતાવની સમજુતી આપણે આપીએ. એટલા માટે ટુરીસ્ટ ગાઇડમાં રાણકપુર, આબુ, બાહુબલી, સમેતશિખર, પાલીતાણા, પાવાપુરી વગેરે સ્થાનોની આછી રૂપરેખા આવે એવો પ્રયત્ન કરીએ અને વિદેશી યાત્રિકો સાથે સંપર્ક સાધીએ.

આપણી સામે કરવા યોગ્ય જે કાર્યો છે તેમાં એકતા અને સંગઠ્ઠનનું કાર્ય બહુજ મહત્વનું છે. આપણે દરેક સંપ્રદાયના જૈનો એકત્ર થઇ હળીમળીને કાર્ય કરીએ એ જ સમયની સાચી ઓળખ છે. આપણા સંપ્રદાયોમાં કોઇ મહત્વનો સૈદ્ધાંતિક મતભેદ નથી, જે મતભેદની વાતો છે તે સામાન્ય ન ગણકારવા યોગ્ય છે. દરેક સંપ્રદાયો પરંપરાથી અપનાવાયેલ પોતાના વિચારો પ્રમાણે ધાર્મિક વિધિવિધાન આચરે અને બીજાઓના પ્રત્યે આદરભાવ રાખે, પણ જૈન સંપ્રદાયોને સ્પર્શતા પ્રશ્નોને બધા એક જ છત્ર નીચે બેસી ઉકેલે. આવી દૃષ્ટિથી દરેક સંપ્રદાયમાં હળવા મળવાનું વધે તે જરૂરી છે. આપણી કોન્ફરન્સની એ જ દૃષ્ટિ રહે છે. આ બાબતમાં આપણે વધારે જાગૃત બનીએ કારણકે કોન્ફરન્સનું કાર્ય જૈન એકતા માટે પુરક છે.

## કોન્ફરન્સે પસાર કરેલા ઠરાવો

### ઠરાવ પહેલો : શ્રદ્ધાંજલિ

(અ) આ અધિવેશન ગત વર્ષમાં સ્વર્ગસ્થ થયેલ પ. પૂજ્ય આ. શ્રીમદ્ વિ. સિદ્ધીસૂરીશ્વરજી મ., પ. પૂજ્ય આ. શ્રીમદ્ વિ. લબ્ધિસૂરીશ્વરજી મ., પ. પૂજ્ય આ. શ્રીમદ્ વિ. દર્શનસૂરીશ્વરજી મ., પ. પૂજ્ય આ. શ્રીમદ્ વિ. હર્ષસૂરીશ્વરજી મ., પ. પૂજ્ય આ. શ્રીમદ્ વિ. ઉમંગસૂરીશ્વરજી મ., પ. પૂજ્ય આ. શ્રીમદ્ વિ દાનસાગરસૂરીશ્વરજી મ., પ. પૂજ્ય આ. શ્રીમદ્ વિ. કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ., પ. પૂજ્ય આ. શ્રીમદ્ વિ. યતીન્દ્રસૂરીશ્વરજી મ. તથા પરમ પૂજ્ય આબાલ બ્રહ્મચારિણી પ્રવર્તિની શ્રી વલ્લભશ્રીજી મ. આદિને ભાવભરી શ્રદ્ધાંજલિ સમર્પે છે અને તેનાથી જૈન સંઘને મોટી ખોટ પડી છે એમ માને છે.

(આ) જૈન સમાજની વિવિધ પ્રકારે સેવા કરીને સદ્ગતિ પામેલા શ્રી ચત્રભુજ મોતીલાલ ગાંધી, શ્રી મગનલાલ મૂલચંદ શાહ, શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી નાગકુમાર મકાતી, શ્રી પ્રસન્નમુખ સુરચંદ બદામી, શ્રી ચંદુલાલ સારાભાઇ મોદી. શ્રી મણીલાલ મોહનલાલ ઝવેરી, શ્રી ગણેશમલજી નાહટા, શ્રી નથમલજી રામપૂરિયા, શ્રી લહેરચંદ મોતીચંદજી, શ્રી ત્રિકમલાલ દામજી કપૂરવાળા, શ્રી પ્રેમચંદ વ્રજલાલ, શ્રી છગનલાલ પ્રેમચંદ, નગરશેઠ વનમાળી બેચરદાસ, મંગલચંદજી ઝાબક આદિ મહાનુભાવોને આ અધિવેશન હાર્દિક શ્રદ્ધાંજલિ સમર્પે છે અને તેમના કુટુંબીજનો પ્રત્યે ઊંડી દિલસોજની લાગણી પ્રગટ કરે છે.

For Private And Personal Use Only

### ઠરાવ બીજો : રાષ્ટ્ર સંરક્ષણ

આપણા ભારતદેશપર ચીને જે અમાનુષી આક્રમણ કર્યું છે, તેને આ અધિવેશન સખ્ત રીતે વખોડી કાઢે છે; અને તેનાથી ઊભી થયેલી વિકટ પરિસ્થિતિમાં દેશભક્તિથી પ્રેરાઇને જૈન સંઘ, સભાઓ, મંડળો અને વ્યક્તિઓએ જે ફાળો આપ્યો છે તેની સહર્ષ નોંધ લે છે. વિશેષમાં આ અધિવેશન સમાજને અનુરોધ કરે છે કે જ્યાં સુધી વિકટ પરિસ્થિતિનું નિવારણ ન થાય ત્યાં સુધી, આપણી હંમેશની પરંપરા મુજબ, સંરક્ષણના પ્રયાસોમાં તન, મન અને ધનથી સર્વ પ્રકારે હાર્દિક સહકાર આપશે.

### ઠરાવ ત્રીજો : મધ્યમવર્ગનો ઉત્કર્ષ

મધ્યમવર્ગના શ્રાવક-શ્રાવિકાઓના ઉત્કર્ષ માટે ફાલના અધિવેશનથી માંડીને આજ સુધી કોન્ફરન્સ તરફથી જે પ્રયાસો કરવામાં આવ્યા છે તેની આ અધિવેશન હાર્દિક અનુમોદના કરે છે અને હવે પછી એ પ્રયાસોને વધારે વેગવાન અને સક્રિય બનાવવા માટે નીચે મુજબની ભલામણો કરે છે:—

(૧) હાલની પરિસ્થિતિ જોતાં વાયદાનો ધંધો લાભદાયક નીવડે તેમ નથી; માટે તેમાંથી જૈન ભાઇઓએ નિવૃત્ત થવું અને બીજા કાયમી ચાલી શકે તેવા ધંધાઓ ગ્રહણ કરવા.

(૨) ખેતીવાડી, નાના હુન્નર-ઉદ્યોગો અને ટેકનીકલ લાઈન પ્રત્યેનું વલણ વધારવું.

(૩) સહકારી ધોરણે ધંધો ચલાવતા શીખવું.

(૪) નાના હુન્નર ઉદ્યોગોને ઉત્તેજન આપે તેવી સહકારી ધોરણે ચાલતી બેન્કો ઉભી કરવી.

(૫) વિદ્યાર્થીઓ તથા સ્ત્રીઓને ઘરગથ્થુ તેમજ બીજા ઉદ્યોગોની તાલીમ મળે તે માટે ઉદ્યોગ મંદિરો ઉભા કરવા અને જ્યાં તેવી શક્યતાઓ ન હોય ત્યાં ખાસ વર્ગો ચલાવવા.

(૬) હાઉસીંગ સોસાયટીઓ તથા સસ્તા ભાડાની ચાલીઓ બાંધવી અને તેનો લાભ મધ્યમવર્ગના કુટુંબોને આપવો.

(૭) વિનિમય રોજગાર અપાવનારું ખાતું (Employment Exchange) ઉભું કરવું.

(૮) સાધર્મિક ભાઇઓની બને તેટલી ભક્તિ કરવી.

### ઠરાવ ચોથો : કો-ઓપરેટીવ બેન્ક

ત્રીજા ઠરાવને અમલી બનાવવા માટે આ અધિવેશન એવો અભિપ્રાય ધરાવે છે કે કો-ઓપરેટીવ બેન્કની શરૂઆત ગુજરાત રાજ્યથી કરવી અને તેને લગતી સર્વ ગોઠવણો કોન્ફરન્સની કાર્યવાહક સમિતિએ તુરતમાં જ કરવી. તે અંગે પાંચ ગૃહસ્થોની સમિતિ નીમવામાં આવે છે.

ત્રણ મહિનાની અંદર આ સમિતિએ કાર્યક્રમ (અહેવાલ) તૈયાર કરવાનો રહેશે.

### ઠરાવ પાંચમો

### પ્રતિક સમિતિઓ અને કાર્યવિસ્તાર

પ્રાંતિક સમિતિઓની પ્રાંતવાર વ્યવસ્થિત રચના પર હવે પછી વિશેષ લક્ષ આપવું અને તેના દ્વારા કોન્ફરન્સનો સંદેશો ગામડાંઓ સુધી પહોંચાડી ત્યાં વસતા જૈન ભાઇઓને સહાયભૂત થવા યથાશક્તિ પ્રયાસો કરવા.

### ઠરાવ છઠ્ઠો : સુકૃત ભંડોળ

આ અધિવેશન આગ્રહપૂર્વક અનુરોધ કરે છે કે સુકૃત ભંડોળની યોજના ચાલુ કરવી અને તેમાં લગ્ન, દિવાળી વગેરે પ્રસંગોએ તથા અન્ય રીતે જૈનભાઇઓ તરફથી સારી રીતે ટેકો મળે તેના ઉપાયો યોજવા.

### ઠરાવ સાતમો : લગ્નાદિમાં સાદાઈ

આ અધિવેશન જૈનસમાજને ભલામણ કરે છે કે આધુનિક સર્વ પરિસ્થિતિ લક્ષમાં રાખીને લગ્નાદિ વ્યવહારિક પ્રસંગો બને તેટલા સાદાઈથી અને ઓછા ખર્ચે ઊજવવા.

### ઠરાવ આઠમો : રાજસ્થાન પબ્લીક ટ્રસ્ટ એક્ટ

રાજસ્થાન સરકારે "રાજસ્થાન પબ્લીક ટ્રસ્ટ એક્ટ સને ૧૯૫૯"નો પસાર કરી ટ્રસ્ટોના વહીવટની સુધારણા અને નિયમનના નામે વાર્ષિક દશ હજાર

ઉપરાંતની આવકવાળાં આપણાં દેરાસરો અને બીજા ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોનો વહીવટ સંઘે નીમેલા ટ્રસ્ટીઓના હાથમાંથી લઈ લેવાનો અને તે વહીવટ નીમેલ કમીટી (જેમાં જૈનેતરોનો પણ સમાવેશ થાય છે.) દ્વારા કરવાનો જે પ્રબંધ કર્યો છે. અને બધા ટ્રસ્ટોના નવા ટ્રસ્ટીઓની નિમણૂક કરવાની સત્તા પણ સંઘના હાથમાંથી લઈ લેવાનો પ્રબંધ કર્યો છે. તેમજ ધાર્મિક અને સખાવતી દ્રવ્યો જે તે ઉદ્દેશ માટેનાં હોય તેનાથી બીજા ઉદ્દેશોમાં ખર્ચાવવાની અમુક સંજોગોમાં ફરજ પાડી શકાય તેવો પ્રબંધ કર્યો છે. અને ટ્રસ્ટીઓ તથા વહીવટદારોના કાર્યમાં જે વધારે પડતી દરમ્યાનગીરી માટેના જે વિધાનો કર્યા છે તેની સામે બહુ ચિંતા અને ભયની દૃષ્ટિએ આ કોન્ફરન્સ અને સઘળો જૈનસમાજ જુએ છે, અને તેમાં યોગ્ય સુધારા કરાવવાને માટે વેગવાન પ્રયત્નો કરવા માટે આ અધિવેશન અનુરોધ કરે છે. અને રાજસ્થાન સરકારને તેમ કરવા માટે નમ્ર પણ દૃઢતાપૂર્વક વિનંતિ કરે છે. રાજસ્થાનના જે જે ભાઈઓએ આ સંબંધમાં જે કાંઈ પ્રયાસો કર્યા છે તેઓને ધન્યવાદ આપે છે.

### ઠરાવ નવમો
### ધાર્મિક ખાતાઓપરનો ઇનકમટેક્સ

યુનીયન સરકારે ગયા એપ્રીલની પેલી તારીખથી નવો ઇનકમટેક્સનો કાયદો અમલમાં લાવ્યા તે પહેલાંના જૂના ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોની વાર્ષિક આવકમાંથી અમુક અપવાદ સિવાય બચત રહે તેના ૭૫./° ટકા ઉપર અને નવાં દેરાસરો બીજા ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોની તો બધી જ આવક ઉપર ઇન્કમટેક્સ લેવાનું નક્કી કર્યું છે. અને વળી એક ટ્રસ્ટ બીજા ટ્રસ્ટને મદદ કરે તેને પણ આવક ગણી તેના ઉપર ઇન્કમટેક્સ લેવા તેવો જે પ્રબંધ કર્યો છે તેનાથી જૈનસમાજની લાગણી બહુ દુભાઈ છે. તેવો ટેક્સ ધાર્મિક સ્વાતંત્ર્ય ઉપર ચાપ મારનારો અને બીનબંધારણીય છે તે કલમો રદ કરવા માટે યુનીયન સરકારને આ કોન્ફરન્સ નમ્ર વિનંતિ કરે છે.

### ઠરાવ દસમો

બંધારણીય સુધારા–વધારા સંબંધી છે.

### ઠરાવ અગીયારમો

સંઘનું સભ્યપદ સંબંધી છે.

### ઠરાવ બારમો : આભાર દર્શન

નિવૃત્ત થતા પ્રમુખશ્રી, ઉપ-પ્રમુખશ્રી તથા મંત્રીઓએ કોન્ફરન્સની જે સુંદર સેવા બજાવી છે તેની આ અધિવેશન માનભેર નોંધ લઈને તેમને હાર્દિક ધન્યવાદ આપે છે.


# જૈન રામાયણ

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર–પર્વ ૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મૂલ્ય રૂા. ચાર (પોસ્ટેજ અલગ)

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૪૭

નંદનકુમારે ત્યાં સુધીમાં એવી સારી નામના પ્રાપ્ત કરી હતી કે પ્રજાએ એની પાસેથી ઘણી આશા રાખી અને રાજ્યારોહણ પછી થોડા વખતમાં પ્રજા અને રાજાનો સુમેળ સધાઇ ગયો. છત્રાનગરીના નંદન રાજાએ કુળની પિતાની અને રાજ્યની કીર્તીમાં વધારો કર્યો.

**નંદન રાજાનું સુરાજય :**

નંદન રાજા ગાદી પર આવ્યા પછી એણે રાજ્યની વહીવટ પદ્ધતિમાં ખૂબ સુધારા કર્યા. એણે જનતાનો સંપર્ક સાધવા ભારે ચીવટ રાખી અને રાજ્યના કાર્યમાં પ્રજાની દોરવણી અને તેનો સહકાર હોય તો રાજા પ્રજાને ખૂબ આનંદ રહે એ સૂત્રનો એણે સ્વીકાર કરી તેનો અમલ કર્યો. એ માટે એ પ્રજા જીવનની નાડ જાણનાર વેપારીઓને કોઈ વાર એકઠા કરે, કોઈ વાર ખેડૂતોને એકઠા કરે, કોઇ વાર વણકર સુતાર વગેરે કળાવાન કાર્યકરોને બોલાવે અને કોઇ વાર મજુર વર્ગની અગવડો માટે પૂછપરછ કરે. આ રીતે પ્રજાનાં સુખ સગવડમાં રાજ્યનું હિત છે, રાજા પોતે આ સર્વ વ્યાપાર અને ધંધામાં રસ લે છે અને બનતી અગવડો દૂર કરવા જાતે પ્રયાસ કરે છે એવી એની નામનાને કારણે નંદન રાજાની કીર્તિમાં ઘણો વધારો થઇ ગયો.

અને નંદન રાજા કોઇ વાર નગર ચર્ચા જોવા માટે રાત્રે વેશ પલટો કરી બહાર નીકળી પડે, કોઇ વખત અણધારી રીતે ગમે ત્યાં રાતના પહોંચી જઇ જાત તપાસ કરે, પુરોહિત અને ચોકીદારને ટપારે, અને નગરજનો સુરક્ષિત રહે તે માટે વારવાર નવા નવા જરૂરી હુકમો કાઢે, જાહેરાતો કરે અને લોક-માહિતી મેળવે. અનેકવાર એ પુરોહિતને પોતાની પાસે બોલાવે, શહેરમાં કોઇ લબાડ, લુચ્ચા, જુગારી કે રખડુ હોય તેની વિગતો મેળવે અને એવા લોકોનો દોર ન વધે તેની ચીવટ રાખવાની યોજનાઓ ઉપ-રાંત એવા લોકો ન બને, લોકો વિનયી સ્વાવલંબી થાય એની ગોઠવણો કરે. નંદન રાજાનો એવો ખ્યાલ હતો કે નગર રક્ષક ગુનાને શોધી લાવે તેના કરતાં ગુનાને અટકાવે, ગુના થવાના પ્રસંગો જ ઊભા થવા ન દે એ વધારે કાબેલ ગણાય. દુનિયાની નજરમાં થયેલ ગુનાની શોધ કરનાર અને ગુનેગારનો પત્તો મેળવનાર પોલિસ વધારે ચાલાક અને કાર્ય કુશળ ગણાય છે, પણ નંદન રાજાનો મત એ સંબંધમાં સાવ જુદો હતો. એના મતે ગુના ન થવા દેનાર, ગુનાના મૂળને ડાંભી દેનાર અને ગુનાને વધવા ન દેનાર નગર રક્ષક વર્ગ સુયોગ્ય ગણાયો, એટલે એણે આ રીતે પ્રજાને નિર્ભય સુચરિત અને સૌજન્યશાળી બનાવી.

બાકી રાજા અને પ્રજા વચ્ચેનો સંબંધ પિતા પુત્રનો, પાલ્ય પાલકનો અથવા નેતા અને દોરનારનો રહ્યો. રાજવૈભવનો એને શોખ ન હોતો. પોતાનો દોર ચલાવવાનો એને મોહ ન હોતો. પ્રજા પાસે તાજીમ તવાજીમ મેળવવાનો એને અભખરો નહોતો અને પોતાની કીર્તિના બિરૂદો ગવરાવવા માટે ભાટ ચારણોને રોકવાનો એને નશો ન હતો. એને ખાવાનો કે મોજ માણવાનો પણ શોખ નહોતો. એની રાત દિવસની ચિંતા પ્રજાનાં સુખ સગવડ અને આનંદ સાધનો પૂરા પાડવાની ઘટનાઓ હતી. બાકી પોતે તો ખાવામાં મહાન ત્યાગીની જેમ વર્તે, કોઈ અન્ય સ્ત્રી તરફ આંખ માંડીને નજર મીલાવીને નજરો નજર ન જુએ અને વસ્ત્રાલંકાર ધારણ કરવામાં પણ તદ્દન સાદાઇ રાખે. આ રીતે આત્મવિગોપન સાથે પ્રજાહિતની નજરે એણે દીર્ઘકાળ રાજ્ય કર્યું. રાજકાર્યમાંથી એ પરવારે એટલે સામાયક લઇને બેસે, ત્યાં બનતા સુધી ધ્યાનમાં સમય ગાળે, કોઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાર ધર્મશાસ્ત્રનું વાંચન કરે. એનામાં શાંતિ ઓતપ્રોત થઇ ગઇ હતી, એનામાં ક્રોધ કે અભિમાનની છાયા પણ દેખાતી નહોતી અને એણે પોતાના જીવનમાં ભાગ્યે જ કડવો અક્ષર ઉચ્ચાર્યો હશે. છતાં એને પ્રજા વાત્સલ્ય અને પ્રજાહિતમાં ખૂબ રસ હતો, પ્રજાનાં સુખો માટે નવનવી યોજનાઓ વિચારતો. પોતાના મંત્રી મંડળમાં એ સંબંધી ચર્ચા કરતો અને જ્યારે પણ કોઇ નવીન સૂચના થાય ત્યારે તેને ખૂબ નમ્રતાથી અને મમત્વથી ઉપાડી લેતો. એના પોતાના સચ્ચારિત્રથી, મીઠી જબાનથી અને લોક સગવડ માટેની ચીવટથી એની લોકપ્રિયતામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો.

એના લગ્ન થયા હતા પણ એને સ્પર્શેન્દ્રિયના વિષય પર ઘણો કાબૂ હતો, એને ખાવા પીવામાં રસ નહોતો, એનો પાંચે ઇન્દ્રિયો પર સંયમ ઘણો ભારી હતો અને છતાં પ્રજા પર એનો સંયમપૂર્વકનો કાબૂ એવો સરસ હતો કે એની અવકૃપા ન થાય તેને માટે પ્રજાના નાનાં મોટાં સર્વને ખૂબ ચીવટ અને ચિંતા રહેતાં. કેટલાક રાજાઓને ખૂબ હુકમો કાઢવાની અને ખૂબ રાજ્ય વધારવાની અને વારંવાર રોફ મારવાની ટેવ હોય છે. તેઓ એમ માને છે કે વારંવાર હુકમો કઢાય અને લોકો પર રોફ બેસે એનું નામ સુરાજ્ય કહેવાય, એનું નામ રાજ કર્યું કહેવાય. નંદન રાજાની એ સંબંધમાં જુદી જ પદ્ધતિ હતી. જેમ બને તેમ ઓછા હુકમો કરવા, પ્રજાને પોતાના દાખલાથી સારે માર્ગે વાળવી અને સમજાવટથી કામ લેવાની પદ્ધતિનો સ્વીકાર કરવાને કારણે એના દીર્ઘકાળના રાજ્ય સમયમાં હુકમો અને તેના અમલનાં કાર્યને બહુ સ્થાન મળતું નહોતું. આવી રીતે વહીવટીકામ ઘટાડી દઇને નંદરાજાએ પોતાનું રાજકાર્ય ખૂબ ઓછું કરી નાખ્યું હતું.

અને પોતાના સાદાં જીવનને કારણે એનામાં કોઇ જાતનું દુર્વ્યસન નહોતું. એને મૃગયાનો શોખ નહોતો, એને નશો કરવાનો વિચાર પણ આવ્યો નહોતો, અને નાચમુજરા તરફ આકર્ષણ નહોતું, એને અત્તર તેલ વગેરે લગાડવાનો શોખ નહોતો અને એને જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે આત્મવિચારણા કરવામાં પોતે રસ લેતો હોઇને પોતાની શક્તિનો હ્રાસ કોઇ પ્રકારે થવા દેતો નહોતો. આવી રીતે પ્રજાહિતને નજરમાં રાખી આત્મહિતને વિરોધ ન થાય તે રીતે એણે દીર્ઘકાળ સુધી રાજ્ય કર્યું અને દરમ્યાન પોતાની સમજણ પ્રમાણે આત્મ વિચારણા યથાવકાશ કરી.

**પોટ્ટિલાચાર્ય :**

રાજ્ય કરતાં અનેક લાખો વરસો વીતી ગયા. ( અત્યારે રાજા નંદનની વય ચોવીશ લાખ વર્ષની થઇ તે વખતે લોકોનાં આઉખાં ઘણાં લાંબા હતાં અને શરીર ઘણાં મજબૂત હતાં. અત્યારે કલ્પિત લાગે તેવા નોંધાયલાં મોટાં આયુષ્યનો ઉલ્લેખ બરાબર થવો જોઇએ અને અત્યારની નજરે ન બેસે એવી નોંધાયલી વાત હોય તે રજૂ કરવી જોઇએ એ દૃષ્ટિએ આ સૂચન અહીં કર્યું છે. એમાં અતિશયોક્તિ નથી કે અલ્પ કથન નથી. ) નંદન રાજાએ સારી રીતે રાજ્ય પામતાં, યોગ્યનું સન્માન કરતાં, દીન દુ:ખીને દાન દેતાં અને પોતાનાં નેક વર્તનથી પ્રજાનો ચાહ મેળવતાં રાજ્ય પ્રતિષ્ઠામાં વધારો કર્યો, દરમ્યાન એક દિવસે એના ઉદ્યાન પાલકે સમાચાર આપ્યા કે છત્રા નગરીની બહારના બગીચામાં અતિ પ્રસિદ્ધ પોટ્ટિલાચાર્યનું આગમન થયું છે. નંદન રાજાને આ સમાચાર સાંભળી ખૂબ આનંદ થયો, એણે એ સમાચારને વધામણી જેવા ગણ્યા અને સમાચાર આપનાર માળી ( ઉદ્યાન પાલક )ને યોગ્ય બદલો આપી પોતે તુરત આચાર્ય મહારાજને વંદના કરવા નીકળી પડ્યો. એણે આચાર્યની પ્રશંસા ખૂબ સાંભળી હતી, એણે આચાર્યના જ્ઞાન અને ચારિત્રના સુમેળની વાત પણ જાણી હતી, પણ એનો આચાર્યશ્રી સાથેનો રૂબરૂ મળવાનો આજનો પહેલો જ પ્રસંગ હતો. પોતાના પરિવાર સાથે પોતે ગાજતે વાજતે આચાર્ય મહારાજ પાસે ગયો. એમને નમન વંદન કરી પોતે યથાયોગ્ય સ્થાને બેઠો એટલે આચાર્ય મહારાજે પોતાની દેશના શરૂ કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ‘ માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો ’ સંબંધી સાહિત્ય

( લે. પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ. )

જૈન ધર્મ એ જે કોઈ માનવી એનો લાભ લઈ શકે તેમ હોય તેને એ ધર્મનો પોતાની શક્તિ અને પરિસ્થિતિ પ્રમાણે સ્વીકાર કરવામાં દેશ, કોમ, જ્ઞાતિ, વર્ણ વગેરે બાહ્ય કારણો આડે આવે તેમ નથી. એનો સર્વાંશે સ્વીકાર કરનાર જૈનશ્રમણો અને શ્રમણીઓ છે, કેમકે એઓ સર્વ પાપમય આચરણોના ત્યાગી છે-સર્વવિરતિના આરાધક છે. જૈન ધર્મનો આંશિક સ્વીકાર કરનાર શ્રાવકો અને શ્રાવિકાઓ છે. એઓ દેશવિરતિના આરાધક છે. એઓ ઓછા-વત્તા વ્રત-નિયમોનું પાલન કરે છે. એઓ ધર્મના અધિકારી છે. એ અધિકાર પ્રાપ્ત કરવા માટેની યોગ્યતાને-સામાન્ય કોટિના ગૃહસ્થ બનવા માટેની લાયકાતને ‘માર્ગાનુસારિતા’ કહે છે એના અનેક ભેદો પડી શકે. સમભાવભાવી હરિભદ્રસૂરિએ આ સંબંધમાં “માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો” તરીકે ઓળખાવાતી વિગતો **ધર્મ-બિન્દુના** આદ્ય અધ્યાયનાં સૂત્ર ૧૨-૫૮ માં દર્શાવી છે. આ આચાર્યની પૂર્વે કોઈએ આવું માનવતા પ્રાપ્ત કરાવનારું-માણસાઈ પ્રગટાવનારું સાહિત્ય રજૂ કર્યું હોય એમ જાણવામાં નથી. એ હિસાબે મતાંતર પ્રમાણે ઈ. સ. ૭૦૦ થી ઈ. સ. ૭૮૦ ના ગાળામાં વિદ્યમાન આ આચાર્યની કૃતિ નામે **ધર્મબિન્દુથી** પ્રસ્તુત સાહિત્યના શ્રી ગણેશ મંડાયા એમ મનાય.

આ સંસ્કૃત સાધનનું સ્પષ્ટીકરણ **મુનિચન્દ્ર-સૂરિએ ધર્મબિન્દુ** ઉપર એમણે સંસ્કૃતમાં રચેલું વિવરણ પૂરું પાડે છે. આ વિવરણની એક હાથપોથી વિ. સં. ૧૧૮૧ માં લખાયેલી મળે છે.

**ધર્મબિન્દુનાં** ઉપર્યુક્ત સૂત્રોનો આશય ‘કલિકાલસર્વજ્ઞ’ હેમચન્દ્રસૂરિએ **યોગશાસ્ત્રના** પ્રથમ પ્રકાશના શ્લો. ૪૭-૫૬માં દર્શાવ્યો છે. એટલું જ નહિ પરંતુ એમણે એમની સ્વોપજ્ઞ વિવૃતિમાં આ બાબત વિશદ બનાવી છે. આ કાર્ય એમણે એમની ઉત્તરાવસ્થામાં કર્યું છે. ગમે તેમ પણ એ મોડામાં મોડી વિ. સ. ૧૨૨૯ ની રચના છે, કેમકે આ વર્ષમાં એમનો સ્વર્ગવાસ થયો છે.

જિનમંડનગણિએ વિ સં. ૧૪૯૮ માં **યોગ-શાસ્ત્રગત** ઉપર્યુક્ત દસ પદ્યોનું વિવરણ રચ્યું છે. એનું નામ **શ્રાદ્ધગુણવિવરણ** છે. શ્રાવકત્વ પ્રાપ્ત કરવા માટેના ગુણો અહીં સમજાવાયા છે, સાથે સાથે પ્રાયઃ પ્રત્યેક ગુણને ઉદ્દેશીને એકેક કથા સંસ્કૃતમાં આપી છે. ચોક્કસપણે કહેવું હોય તો નિમ્નલિખિત ક્રમાંકવાળા ગુણો અંગે કથા નથી:—

૫, ૯, ૧૩, ૧૬-૧૮, ૨૦, ૨૧ અને ૩૪-૩૫. કોઈ કોઈ ગુણ પરત્વે એક કરતાં વધારે પણ કથા છે, દા. ત. પહેલા ગુણ ઉપર પાંચ કથાઓ છે. જે જે ગુણ ઉપર કથા છે તે હું નીચે પ્રમાણે સૂચવું છું:—

| ગુણ | કથા |
|---|---|
| ૧ | નંદિષેણ, રંક શ્રેષ્ઠી, વંચકશ્રેષ્ઠી, કુકકુર અને ધનશ્રેષ્ઠી [ ૫ ] |
| ૨ | ચોર |
| ૩ | સુભદ્રા અને સાવિત્રી [ ૨ ] |
| ૪ | વિમલ |
| ૬ | બ્રાહ્મણી અને સીતા [ ૨ ] |
| ૭ | અંબિકા |
| ૮ | પ્રભાકર |
| ૧૦ | નિર્વિચાર નૃપ |
| ૧૧ | આરોગ્ય દ્વિજ |
| ૧૨ | કદર્ય |
| ૧૪ | નારદ |
| ૧૫ | મણિકારશ્રેષ્ઠી અને સુદર્શનશ્રેષ્ઠી [ ૨ ] |
| ૧૯ | સુધનશ્રેષ્ઠી અને શાલિવાહન [ ૨ ] |
| ૨૨ | હંસ |
| ૨૩ | લક્ષ્મણસેન નૃપ |
| ૨૪ | કપર્દીશ્રેષ્ઠી |



For Private And Personal Use Only

૨૫ સાગરશ્રેષ્ઠી
૨૬ ધનશ્રેષ્ઠી
૨૭ સુબુદ્ધિમંત્રી અને સાગરદત્ત [ ૨ ]
૨૮ જિતારિ નૃપ
૨૯ અભયકુમાર
૩૦ આંબડ
૩૧ વિક્રમાદિત્ય નૃપ
૩૨ ધીરધવલ અને લક્ષ્મણસેન નૃપ [ ૨ ]
૩૩ વિક્રમાદિત્ય નૃપ અને [1]ભરત નૃપ [ ૨ ]

આમ એકંદર ૩૬ કથાઓ છે

પાંત્રીસ ગુણો અંગે આ પૂર્વે કોઈએ કથાઓ રચ્યાનું જાણમાં નથી.

**શાન્તિવિજયગણિના શિષ્ય માનવિજયગણિએ** સ્વોપજ્ઞ ટીકા સહિત **ધર્મસંગ્રહ** વિ. સં. ૧૭૩૧ માં રચ્યો છે. આ **ધર્મસંગ્રહના** પ્રારંભમાં શ્લો. ૫-૧૪ દ્વારા સામાન્ય ગૃહસ્થધર્મનું યાને માર્ગાનુસારીના ૩૫ ગુણોનું વર્ણન છે. આ દસ શ્લોકો **યોગશાસ્ત્રગત** શ્લોકોથી ભિન્ન છે.

આમ ત્રણ ગ્રંથોમાં પ્રસ્તુત વિષય મૂળરૂપે રજૂ કરાયો છે, જ્યારે એનાં સંસ્કૃત વિવરણોમાં એનું સ્પષ્ટીકરણ છે. આ ઉપરાંત કોઈ નોંધપાત્ર સંસ્કૃત કે પાઈયકૃતિમાં મૂળને લગતું લખાણ હોય તો તેની તપાસ કરવી બાકી રહે છે

**ગુજરાતી સાહિત્ય**-માર્ગાનુસારીના ૩૫ ગુણો પરત્વે ગુજરાતીમાં કેટલીક કૃતિઓ રચાઈ છે. **શાન્તિવિજયના** શિષ્ય ઉપાધ્યાય **માનવિજયગણિએ** વિ. સં. ૧૭૩૦ ના અરસામાં "માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોની સજ્ઝાય" રચી છે અને એ અહીંથી (સુરતથી) પ્રકાશિત **સજ્ઝાયમાળા**માં છપાવાઈ છે.

"માર્ગાનુસારીના ૩૫ ગુણો"ના નામની એક કૃતિની ત્રીજી આવૃત્તિ **બાલાભાઈ** છગનલાલ શાહે ઈ. સ. ૧૯૧૨ માં પ્રસિદ્ધ કરી છે.

ધર્મબિન્દુ, યોગશાસ્ત્ર અને ધર્મસંગ્રહમાંના પ્રસ્તુત વિષયને લગતા અંશોનાં ગુજરાતીમાં ભાષાંતર થયેલાં છે અને પ્રકાશિત પણ કરાયાં છે. **શ્રાદ્ધ**-ગુણ વિવરણનું ગુજરાતી ભાષાંતર "આત્માનંદ સભા" તરફથી છપાવાયું છે.

ન્યાયવિશારદ ન્યાયતીર્થ ઉપાધ્યાય મંગળવિજયજીએ **તત્ત્વાખ્યાન**(ઉત્તરાર્ધ)માં "જૈન દર્શન"ને અંગેનો સોળમા પ્રસ્તાવ (પૃ. ૨-૧૭)માં માર્ગાનુસારીના ૩૫ ગુણો વિષે ગુજરાતીમાં નિરૂપણ કર્યું છે.

**અંગ્રેજીમાં** લખાણ-પ્રસ્તુત વિષયને અંગે અંગ્રેજીમાં કોઈ સ્વતંત્ર કૃતિ રચાઈ છપાઈ હોય એમ જાણવામાં નથી બાકી પ્રસંગવશાત્ આ કાર્ય થયેલું છે. દાખલા તરીકે હર્બર્ટ વૉરને Jainism નામના એમના પુસ્તકમાં પૃ ૬૮-૮૦ માં આ વિષય આલેખ્યો છે. મેં પણ The Jaina Religion and Literatureના દ્વિતીય ખંડમાં તેમ કર્યું હતું, પણ આ પુસ્તક અત્યારે તો અપ્રકાશિત છે.

**યોજના**-માર્ગાનુસારીના ૩૫ ગુણો માનવતા કેળવવામાં અને એ દ્વારા વ્યક્તિના અને સમષ્ટિના જીવનધોરણને એના નૈતિક આચારોને વિકસાવવામાં ઊર્ધ્વગામી બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે તેમ છે અને આધુનિક યુગમાં જ્યારે માનવતાનો પણ ધીરે ધીરે હ્રાસ થતો જોવાય છે ત્યારે આ ગુણોના જ્ઞાનનો પ્રચાર આવશ્યક ગણાય આ પરિસ્થિતિમાં જો મારે આ વિષયને અંગે પુસ્તક રચવાનું હોય તો હું સૌથી પ્રથમ ધર્મબિન્દુ, યોગશાસ્ત્ર અને ધર્મસંગ્રહમાંથી પ્રસ્તુત પદ્યાત્મક અંશો એને અંગેનાં સંસ્કૃત વિવરણ સહિત રજૂ કરું. ત્યારબાદ એને લગતી ગુજરાતી મૌલિક કૃતિઓને સ્થાન આપું. આ પ્રમાણેનો પ્રથમ ખંડ તૈયાર કરી દ્વિતીય ખંડ તરીકે ૩૫ ગુણોની સવિસ્તર માહિતી ગુજરાતીમાં આપું. ત્યાર બાદ ત્રીજા ખંડમાં આધુનિક યુગના માનસને લક્ષ્યમાં રાખી રોચક શૈલીમાં સાદી ગુજરાતી ભાષામાં આ ગુણોને અંગે કથાઓ રચું. અંતમાં ૩૫ ગુણોને અંગે અંગ્રેજીમાં ખપપૂરતું લખાણ અને પ્રસ્તુત વિષયને લગતી કૃતિઓની સૂચી પરિશિષ્ટરૂપે રજૂ કરું. આ પુસ્તકને લોકપ્રિય અને આકર્ષક બનાવવા યથાયોગ્ય ચિત્રોથી એને વિભૂષિત કરવા હું પ્રકાશક મહાશયનું સાદર લક્ષ્ય ખેંચું.

[1] આ ભરત ચક્રવર્તીથી ભિન્ન છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નમ્ર માર્ગદર્શન

લેખક : અટુક જ. શાહ

શ્રી પાલીતાણા
તા. ૨૪-૧-૬૩

માનનીય મંત્રીશ્રી
જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

કૉન્ફરન્સ એક જૈન સમાજની ખરેખર ખૂબ જ મહત્વની આદર્શ ક્રિયાશીલ, પ્રગતિશીલ, અનેક દાનવીરો, જ્ઞાનીઓ અને કાર્યકરોથી બનેલી છે, અને સંસ્થા માટે મારા અંતઃકરણમાં અનન્ય સદ્‌ભાવ અને ભક્તિ છે અને આવી મહાન્ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ સાધી ઉત્કર્ષ કરે તેવી નમ્ર પ્રાર્થના સાથે મારા મંતવ્યો નીચે મુજબ છે.

## ૧ તીર્થની દ્રષ્ટિએ :

શ્રી શંખેશ્વરજીનો માર્ગ.

શ્રી શંખેશ્વરજી **મહાતીર્થ** જૈનોનું એક મહાન્ પવિત્ર તીર્થ છે. આ તીર્થનો હાલમાં લાખો યાત્રાળુઓ લાભ લ્યે છે. તેમ જ ભવિષ્યમાં પણ મહાન્ અને પવિત્ર તીર્થ તરફ લોકો વધુને વધુ રસ લેતા થાય તે હેતુથી તેમ જ તેને પ્રેરણા મળે તે હેતુથી શ્રીશંખેશ્વરજીથી શ્રીપંચાસરજી સુધીનો જે માર્ગ છે તેને રીપેર કરાવવાની જરૂર છે. શ્રી પંચાસરજીથી શ્રી શંખેશ્વરજી સુધીનો માર્ગ—માત્ર પાંચ થી સાત માઈલનો માર્ગ છે. જેના માત્ર જો બે જ ગરનાળા રીપેર કરવા સારૂ લક્ષ ઉપર લેવામાં આવે તો આ માર્ગ મારફત ચોમાસામાં યાત્રાળુઓ શ્રી શંખેશ્વરજીની યાત્રાનો લાભ લઈ શકે.

## ૨ શ્રી શંખેશ્વરજી થી શ્રી સિદ્ધગિરિ સુધીની S.T. ના વસ કરવાની આવશ્યકતા:

જે જગ્યાએ આ અધિવેશન મળી રહ્યું છે તે એક મહાન્ પવિત્ર અમૂલ્ય યાત્રાનું ધામ છે; તેના માટે જ્ઞાની મહારાજો એમ કહે છે કે,

> શત્રુંજય સમો ગિરિ, વીતરાગ સમો દેવો,
> ન ભૂતો ન ભવિષ્યતિ.

શત્રુંજય સમાન પવિત્ર પર્વત અને વીતરાગ સમાન ભગવંત થયેલ નથી અને થવાના નથી. આ જગ્યાએથી શ્રી શંખેશ્વરજી તરફ S T.ની બસ જાય અને શ્રી શંખેશ્વરજીથી શ્રી સિદ્ધગિરિ તરફ જો S T ની બસ જાય તો આ બંને મહાન્ તીર્થોને જોડવાનું મહાન્ પુણ્ય થશે અને તદુપરાંત સામાજિક દષ્ટિએ પણ એક સ્તુત્ય પગલું ગણાશે.

દસાડા, આદરીઆણા, ઝીંઝુવાડા, રાધનપુર, પાલનપુર વિ. ના વિસ્તારની જનતાને શ્રી સિદ્ધગિરિ તરફના એક મહાન્ કુદરતી સૌંદર્યધામના દર્શન કરવાની તક મળશે તે જ રીતે ગોહિલવાડ વિભાગની જનતાને પાલનપુર, રાધનપુર, દસાડા, આદરીઆણા વિ. તરફ પર્યટન કરવાની તક મળશે

## ૩ સામાજીક દ્રષ્ટીએ આવકના સાધનો :

આપની જે પત્રિકા બહાર પડી છે તેમાં સિઝાતા મધ્યમ વર્ગના ભાઈઓનો ઉત્કર્ષ કરવાનો જે પ્રયાસ કરવાનાં છો તે માટે મારા નમ્ર મંતવ્યો રજુ કરું છું.

નીચેના ગૃહઉદ્યોગોને વધુમાં વધુ શક્ય હોય તેટલા નાણાંકીય સાધનો અપાવી, વિપુલ પાયા ઉપર નાણાની મદદ માટે મોટામાં મોટા ભંડોળો ઉભા કરી ઉત્તેજન આપવાનો છે.

(૧) અંબર ચરખા દ્વારા ઉત્પાદન (૨) સીવવાના દોરાદડીનો ઉદ્યોગ (૩) પસ્તી બનાવવાનો (૪) સેવ, પાપડ, વડી, ખાખરા વિ. (૫) ભરત–ગુંથણ (૬) શીવણ (૭) ટાઈપરાઈટીંગ (૮) હાથશાળ (૯) અગરબત્તી તથા નાના અન્ય ઉદ્યોગો.

એ રીતે ઉદ્યોગો મારફત ઉત્પાદનને વેગ આપવા સારૂ જો સહાય કરવામાં આવશે તો તે સહાય **શ્રમયુક્ત** ઉન્નતિકારક સહાય હશે અને તેનાથી સમાજ ઉન્નતિના પંથ તરફ જશે.

## ૪ સામાજીક બચત :

સોસાયટીના સ્વરૂપે આવા મંડળોની રચના કરી, **સહકારી** ધોરણે ગૃહઉદ્યોગને ઉત્તેજન આપવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિપુલ પ્રમાણમાં નાસ્તાના સાધનો એકઠા કરી તેમજ તે દ્વારા ખરીદ કરી શકય હોય તેટલી બચત કરી. તદુપરાંત હાલમાં રહેઠાણોનો જે પ્રશ્ન મધ્યમવર્ગને આજ મુંઝવી રહ્યો છે. તે પ્રશ્નને સરળ બનાવવા સારૂ શકય હોય તેટલી સોસાયટીઓ ઉભી કરી, ચુકવાતા ભાડામાંથી આ વર્ગને "રાહત અપાવવી" તે આ સમાજની બચત કરાવી ઉત્કર્ષ કરાવ્યો ગણાશે અને આ સહકારી સહાય કરવાના માર્ગના આપ મહાન્ અનુભવી અને સખી છો, વળી આપની સંસ્થા પાસે મહાન્ દાનવીરો છે, અનુભવી કાર્યકરો છે અને આત્મભોગ આપી શકે તેવા સદ્‌ગૃહસ્થો પણ છે.

### ૫ संस्कृति संरक्षक पू मुनिमहाराजो :

પૂજ્ય મુનિમહારાજો, સારાયે વિશ્વની અંદર સાધુગણ સૌથી શ્રેષ્ટ, જ્ઞાની, ત્યાગી અને ઉચ્ચપણાવાળા તેમજ સંયમી છે. આપણી જૈન સંસ્કૃતિને તથા સમાજને અને "अहिंसा परमो धर्मः" ના મહાન્ સિદ્ધાંતને વિશ્વ વ્યાપી તેમજ જગપ્રસિદ્ધ કરવામાં તેમનો મૂલ્યવાન ફાળો છે. તદુપરાંત પરમ पवित्र अनेक जीवोना तारक जीनेश्वर भगवंतोना બોધને વિશ્વમાં જીવંત રાખ્યો છે તેની નોંધ લેવી ઘટે.

### ૬ राष्ट्रधर्म :

**"હા દેશ મારો મુજ દેશભક્તિ એ દેશ માટે સર્વશક્તિ"** એ સુત્રાનુસાર હાલમાં આપણી સંસ્કૃતિ કે ધર્મ ત્યારે જ સુરક્ષિત રહેશે જ્યારે આપણો રાષ્ટ્ર સુરક્ષિત હશે ત્યારે અને તે માટે રાષ્ટ્રમાં જે સંરક્ષણ ભંડોળ ચાલી રહ્યું છે. તે ભંડોળ કોન્ફરન્સ મારફત એકઠું થાય અને એ રીતે રાષ્ટ્ર પ્રત્યેની આપણી ભક્તિ બતાવવી જોઇએ. માત્ર ઠરાવો કે ભાષણો પુરતા ન ગણાય. અમોને શ્રદ્ધા છે કે આપ આ પ્રસંગનો ઉપયોગ કરીને राष्ट्रीय संरक्षण भंडोळમાં સહાયરૂપ થશો તો આ અધિવેશનની સફળતા ગણાશે.

જયજિનેન્દ્ર

પવિત્ર પર્યુષણ પર્વમાં આરાધના માટે અતિ ઉપયોગી પ્રકાશનો

**અક્ષયનિધિ તપ વિધિ**

પર્વાધિરાજ પર્યુષણને લગતાં દિવસોમાં આ તપનું સારી સંખ્યામાં આરાધન કરવામાં આવે છે. શ્રાવણ વદ ચોથથી શરૂ કરીને ભાદરવા સુદિ ચોથ એટલે કે સંવત્સરીના દિવસે આ તપની પૂર્ણાહૂતિ કરવામાં આવે છે. આ પુસ્તકમાં અક્ષયનિધિ તપની સંપૂર્ણ વિધિ, ચૈત્યવંદન, સ્તવન, પૂજાની ઢાળ, ખમાસમણના દુહા, અક્ષયનિધિ તપનું મોટું સ્તવન તથા છંદો, આ તપથી મનવાંછિત સિદ્ધિ પ્રાપ્ત કરનાર સુંદરીની રસિક કથા વગેરે પણ આપવામાં આવેલ છે.

**મૂલ્ય માત્ર ત્રણ આના**

વિશેષ નકલો મંગાવનારે પત્રવ્યવહાર કરવો–લખો:–**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભ્રાતૃભાવ

ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી

आत्मवत्सर्वभूतेषु यः पश्यति स पश्यति

આ વિશ્વમાં અનંત દેહાત્માઓને આત્મવત્ જાણનાર તે જ જગતમાં દેખનાર જ્ઞાની છે. વિશ્વવાસી જીવો પ્રત્યે દેહ દૃષ્ટિ હોય છે ત્યાં સુધી આ ઉચ્ચ છે અને આ નીચ છે એવી ઉપાધિજન્ય દ્વંદ્વ ભાવનાને લઇને દેહાત્માઓ પ્રત્યે દ્વેષ-ઇર્ષ્યાદિક દોષો જાગે છે પણ જ્યારે દેહભાવના ક્ષીણ થઈ સર્વ દેહાત્માઓ પ્રત્યે આત્મભાવના જાગે છે, ત્યારે ક્લેશ ભાવનાનો નાશ થઈ આખું વિશ્વ અભિન્નતાએ જણાઇ રહે છે. જીવાત્માઓમાં દેહભાવનાને લઇ 'હું અને મારૂં' એવા અજ્ઞાન દોષો ઉદ્ભવે છે. આત્માને મોટામાં મોટું બંધન પણ "अहं ममेति बंधः" હું અને મારૂં એ જ બંધન છે. એ દોષો ઉત્પન્ન થવાથી સ્વાર્થભાવના જાગે છે. બીજા જીવોને ત્રાસ કે દુઃખ આપીને પણ પોતાનો સ્વાર્થ સાધવાના વિચારોનું જનસમાજમાં વાતાવરણ વધે છે ત્યારે એક-બીજાઓમાં ક્લેશ-કુસંપ-ઇર્ષ્યા વધે છે, ચોર, જુગારી, લુંટારા ઉત્પન્ન થાય છે અને ખુનામરકી લડાઈ ચાલે છે, તેથી જનસમાજનું જીવન તથા દેશ ઘણી જ અવનતિમાં આવી જાય છે, અને સમાજમાં જ્યારે સ્નેહ, સંપ, એકતા, એક-બીજાનું શ્રેય કરવાની ભાવના તથા ભ્રાતૃભાવ વધે છે ત્યારે દેશની આબાદી થાય છે આર્થિક, શારીરિક, માનસિક તથા આત્મિક શાન્તિનો વિકાસ થાય છે અને દેશ પ્રગતિના પ્રવાહમાં ઉછળે છે. જ્ઞાનીઓએ ભ્રાતૃભાવ એ દેશોન્નતિનું પરમ જીવન કહ્યું છે. ઘાસનું એક તૃણ રસ્તામાં પડ્યું હોય ત્યારે પ્રાણીઓના પગ નીચે કચરાય છે, ખુંદાય છે અને ભુકો થઇ જાય છે તથા પશુઓના મુખમાં ચર્વિત થઇ ચુરો થઈ જાય છે, પણ તે જ તૃણ જેવાં અનેક તૃણો ભેગાં કરી, એકઠાં મેળવી તેનું દોરડું બનાવવામાં આવે તો સિંહ તથા હાથી જેવા પ્રચંડ પ્રાણીને પણ બાંધી શકે છે, તેમ મનુષ્યાત્માઓ પણ જો સ્નેહભાવથી ભ્રષ્ટ થઈ પોતપોતાના સ્વાર્થમાં એકલાં રખડતા હોય તો બીજા બળવાન મનુષ્યોથી ખુંદાઈ જાય છે, શક્તિહીન બને છે, કુદરતના કોપથી કચરાઈ જાય છે અને માનવજન્મ નિષ્ફળ ગુમાવે છે. પરંતુ જો મનુષ્યો સંપ કરી સ્નેહ બંધનથી એકઠા થઇ, એકતાને પામે તો સિંહ વા હાથી તો શું પણ મોટા મોટા રાજાઓ, ચક્રવર્તીઓ, દેવો અને ઇન્દ્રોને પણ બાંધી શકે છે અર્થાત્ તેનો પણ જય કરી શકે છે. એટલું જ નહિં પણ ઉત્કૃષ્ટ પ્રેમબળના અભેદ ભાવમાં રહેતો અનંત શક્તિમાન પ્રભુને પણ વશ કરી શકે છે.

પ્રભુના નામે તથા ધર્મના નામે ક્લેશ-કજીયા કરનાર શ્વેતામ્બર, દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી વગેરે સમાજો તથા ધર્મને નામે ધતીંગ ચલાવનાર, એક બીજાની નિંદા કરી જન-સમાજને અવળે માર્ગે ચલાવનાર, એક બીજા સાથે ઇર્ષ્યા, ક્લેશ ખેદ કરી વેર ઝેર વધારનાર, તીર્થ તથા મૂર્તિઓના નિમિત્તે થતા ઝગડાઓને સમાવી દેવાનું ન કરતાં ઉલટો કુસંપ વધારનાર, લોકોને ખોટી રીતે ઉશ્કેરનાર, દેશ ભૂખથી રીબાતો હોય છતાં ઉત્સવ-મહોત્સવ તથા જમણવારની પ્રવૃત્તિઓમાં ધર્મના નામે લાખો-કરોડો રૂપિયાનો થતો દુર્વ્યય બંધ થશે ત્યારે જ કોમની, સમાજની અને દેશની સંપૂર્ણ ઉન્નતિ થશે. ગચ્છ-મત-સંપ્રદાય વગેરેની ભાવનાઓ ભૂલી જઇ, બાહ્ય શુષ્ક ક્રિયાઓના ચુંથણા ચુંથવાનું છોડી દઈ, મૂર્તિ કે મુહપતિની કલ્પનાઓને તિલાંજલી આપી, વણિક, બ્રાહ્મણ, ક્ષત્રિય, શુદ્ર, દશા, વીશા અને બત્રીશાની કડાકુટને તિલાંજલી આપી-અમે ભારતના સંતાનો છીએ, હિંદ અમારી માતૃભૂમિ છે તેના રક્ષણ તથા ઉન્નતમાં જ અમારૂં શ્રેય છે. હિંદને માટે અમારા તન મન-ધન તથા પ્રાણ વગેરે સર્વસ્વનો ભોગ આપવા અમે તૈયાર છીયે. હિંદ અમારૂં જીવન છે, હિંદ અમારૂં કુટુંબ વા જ્ઞાતિ છે, તેની સેવા માટે આત્મભોગ આપવો એ જ અમારો ધર્મ છે, હિંદની સેવા એ જ અમારા વ્રતો છે, એવી ભાવનામાં સંલગ્ન થઇ એકતાથી વર્તવા, ભ્રાતૃભાવથી જ જીવન વ્યતીત કરવા, સમસ્ત જન-સમાજ ઉત્કૃષ્ટ ભાવના બળે તથા આત્મિક બળે વર્તશે ત્યારે જ દેશની ઉન્નતિ થશે, ત્યારે જ ભારતરૂપ વિશાળ મંદિરનો પુનરૂદ્ધાર થશે, જિર્ણોદ્ધાર થશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


હમણાં બહાર પડી છે

## શ્રી નવાણું પ્રકારી પૂજા (અર્થ સહિત)

પંડિત વીરવિજયજીકૃત આ પૂજા શ્રી સિદ્ધાચળના માહાત્મ્યગર્ભિત બહુ જ અસરકારક છે. તેનું રહસ્ય સમજાવવા બનતો પ્રયાસ કર્યો છે. બીજી શ્રી પદ્મવિજયજીની કરેલી બહુધા અપ્રસિદ્ધ નવાણુંપ્રકારી પૂજા પણ દાખલ કરેલ છે તેમ મુનિશ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા જરૂરી અર્થ સાથે દાખલ કરી છે.

કિંમત માત્ર ૫૦ નયા પૈસા (પોસ્ટેજ ૧૫ નયા)

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

હમણાં બહાર પડી છે

## પં. શ્રી પદ્મવિજયજીકૃત નવપદજીની પૂજા

તથા

## પં. રૂપવિજયજીકૃત શ્રી પંચજ્ઞાનની પૂજા

આ બન્ને પૂજા અર્થ સાથે છપાવેલ છે. અર્થમાં ઘણો વધારો કર્યો છે કે જે ખાસ ઉપયોગી છે; તેની ખાત્રી વાંચવાથી થઇ શકે તેમ છે.

અમારી છપાવેલી અનેક અર્થ સહિત પૂજાઓમાં આ બુકથી વધારો થયો છે. કિંમત માત્ર ૫૦ નયા પૈસા રાખી છે. દરેક પૂજામાં રહસ્ય શું છે તે યથાશક્તિ સમજાવેલ છે.

કિંમત ૫૦ નયા પૈસા (પોસ્ટેજ ૧૫ નયા)

લખો : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથેસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના.

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only